સરદાર પટેલ આવાસ યોજનાની કામગીરી
માટે નવી બિન-સરકારી સંસ્થાઓને પસંદ
કરવાની સત્તા જિલ્લા વિકાસ અધિકારીઓને
<u>આપવા બાબત</u>

ગુજરાત સરકાર
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક-સસય-૧૦-૨૦૦૦-૧૦૯૮-વ,
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૬-૮-૨૦૦૦

વંચાણમાં લીધાઃ-
(૧) કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક-આરડીપી-૧૦૮૫-(૧)-ખ(૨),તા ૨૮-૫-૮૬
(૨) કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગનો ઠરાવ નંબર-આરડીપી-૧૦૮૫-ખ(૨)તા.૩૦-૪-૯૩
(૩) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૪-૨-૨૦૦૦નો ઠરાવ ક્રમાંક-મકમ-૧૦૯૨-૧૩૨૬-વ,
(૪) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગનો તા. ૧૫-૪-૨૦૦૦નો પરિપત્ર ક્રમાંક-સસય-૧૦-૨૦૦૦-૩૨૩-વ,

પ્રસ્તાવનાઃ-

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અનેગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક-૩ આગળના તા. ૪-૨-૨૦૦૦ના ઠરાવથી સરદાર પટેલ આવાસ યોજનાની કામગીરી બિનસરકારી સંસ્થાઓને સોંપવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે કિસ્સામાં બિનસરકારી સંસ્થાઓ નવી હોય તેવા કિસ્સામાં તેમને સ્વીકૃતિ આપવા અંગેની દરખાસ્ત અન્વયે નિર્ણય લેવા માટે અગ્ર સચિવશ્રી(પંચાયત)ના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવેલ છે. ચાલુ વર્ષે સરદાર આવાસ યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે જીવતા કુટુંબો માટે આવાસોનો લક્ષ્યાંક ૫૫,૦૦૦ રાખવામાં આવેલ છે. આ લક્ષ્યાંકની પરિપૂર્તિ માટે જેટલી બને તેટલી વધારે બિનસરકારી સંથાઓને સાંકળવામાં આવે તે ખૂબ જ જરુરી છે. તેમજ હાલની પ્રથા પ્રમાણે જિલ્લા /તાલુકાઓની બિનસરકારી સંસ્થાઓની પસંદગી માટે જરુરી દરખાસ્તો વિકાસ કમિશ્નરશ્રી મારફત મોકલવાની રહે છે. તેમજ આ અંગે રચાયેલ સમિતિ પણ જિલ્લા વિકાસ અધિકારીઓના અભિપ્રાયને લક્ષમાં લીધા બાદ જ બિનસરકારી સંસ્થાઓને માન્યતા આપે છે. આમ બિનસરકારી સંસ્થાઓની પસંદગી માટેની કામગીરી બેવડાય છે તેમજ આ અંગે વિલંબ થતો જોવા મળેલ છે. ઉપરાંત કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગના વંચાણે લીધેલા ક્રમાંક-૧ અને ૨ આગળના તા. ૨૮-૫-૮૬ તથા તા. ૨૦-૪-૯૩ના ઠરાવ મુજબ સ્વૈચ્છિક સંસ્થાઓને માન્યતા આપવાની તથા ગ્રેડીંગની પ્રથા અંગે જોગવાઇઓ કરવામાં આવેલ છે.જે જોગવાઇઓને ધ્યાને લઇને તેમજ પોતાની વિવેક બુધ્ધિનો ઉપયોગ કરીનેજિલ્લા વિકાસ અધિકારી બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાને સરદાર પટેલ આવાસ યોજનાના કામો માટે સ્વિકૃતિ આપવા અંગેનો નિર્ણય લે તેમાં વાંધા સરખુ નથી. આ બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી. સક્રિય વિચારણાને અંતે સરકારશ્રી નીચે મુજબ ઠરાવે છે:-

<u>ઠરાવ:-</u>

ચાલુ વર્ષના સરદાર આવાસ યોજનાના ફાળવેલ લક્ષ્યાંકને ધ્યાને લેતાં તેમજ બિનસરકારી ~~સરકારી~~ સ્વૈચ્છિક સંસ્થાઓને માન્યતા આપવાના નોર્મ્સ નક્કી થયેલ હોવાથી સરદાર પટેલ આવાસ યોજનાના કામો માટે બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાઓને માન્યતા આપવાની વિભાગના તા. ૪-૨-૨૦૦૦ના ઠરાવથી નિયત કરવામાં આવેલ

૨૫

પસંદગી સમિતિ આથી રદ કરવામાં આવે છે અને આ સત્તા હવેથી સંબંધિત જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓને આથી સોંપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કે.ડી.રાવત )
ઉપ સચિવ
પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

---

પ્રતિ,

- માન.રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,
- સચિવાલયનાં સર્વ વિભાગો
- સચિવશ્રી (ગ્રામ વિકાસ), પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
- સચિવશ્રી(ગૃહનિર્માણ) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- ગ્રામ વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડળ હિસાબો,અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણા મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સભ્ય- સચિવશ્રી, ગુજરાત જમીન વિહોણાં મજૂરો અને હળપતિ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગર
- સર્વે તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- પસંદગી ફાઈલ

*TA) GR-SST/10/2000/1098 L. Date 16/8 2000*